**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 12**

આશાજી અસાએબા એંસી લાખજ મલશે, મલશે તે કરોડા કરોડજી;
તંબલ દદામા ભેરીઉં વાજશે, વાજશે તે વાજીંત્ર ઘણેરા. હરી. (૧૩૮)

આશાજી માણેક મોતી લાલ પદારથ, બાંધશે ઉંટું સાથજી;
ઇસિમાઇલ ફિરસ્તો વચ્ચે ફરશે, શાહ બેસસે જંપુદીપમાંહે.
હરી૦ (૧૩૯)

આશાજી સાહેબજીનું સેન ચડશે, અને હોશે તે હલહલકારજી;
વીજળી વરાકે ફીર ફીર ફેરા, બેસસે શાહ સરદાર. હરી૦ (૧૪૦)

આશાજી અલીશાહા કેરો સેન વખાણો, અનંત કરોડ જીવ સાથેજી;
મારી દાણવ શાહ દુર કરશે, વાજે તંબલ નિશાન. હરી૦ (૧૪૧)

આશાજી સત્રાલાખ પીર પેગમ્બર આવે, તે માંહે એક સરદારજી;
તીસ શિર એક છત્રજ હોશે, હોશે તે શાહજીકે પાસ. હરી. (૧૪૨)

આશાજી ફરમાની જીવ બહુ મલશે, હુરાંઉ તેની હજુરજી;
અમીના પ્યાલા હાથે દેશે, રખીસરને ઘેર વધાઇયું...હરી. (૧૪૩)

આશાજી હુરાંઉં કેરો સેન વખાણો, પુરબ દીસ પીઆણુંજી;
ફરમાની વર તેને દેશે, હોશે તે તેના ઘરની નાર. હરી. (૧૪૪)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 12 (Continued)

આશાજી ચોધાર એક છત્ર ધરશે, ધરશે તે પાંડવાને હાથજી;
ખુરાસાની ત્યાં ચોકી કહીએ, ચોકી તેની જાણો. હરી૦ (૧૪૫)

આશાજી મારશે દાણવ પાંડવ મોરે થાશે, સતીઆ સોહી જાણોજી;
જનમ તપીઆ એ જીવ કહીએ, તેને ઉતમજ જાણો. હરી. (૧૪૬)

આશાજી એવા દલ જયારે એકઠાજ મલશે, હોશે તે રમઝુમકારજી;
એનસીયા કુંતા માતા દ્રોપદી આવે, આવે તે હરીચંદ્રની નાર.
હરી૦ (૧૪૭)

આશાજી દઈતને મારી નરવશ કરશે, તે રૂમ રાહે રહેમાનજી;
મુનીવર કારણ સેન રચાવે, પરણે શાહ વિશ્વ કુંવારી નાર...
હરી૦ (૧૪૮)

આશાજી વિશ્વ કુંવારી નરની નાર, તે રમઝમ કરતી આવેજી;
સેન સઘળું પાયેજ પડશે, પડશે સઘળો સંસાર. હરી૦ (૧૪૯)

આશાજી ઉત્તમ રખીસરને ઘેર તે નારી આવશે, અને દેશે
અમીના કંચોલાજી;
પાછા વળી તેને આશિષ દેશે, જે ધન ધન રખીસર અવતાર.
હરી૦ (૧૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)